પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮ | ૩૦ માર્ચ, ૨૦૨૨, બુધવાર; ફાગણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુક્રેનમાં કેમિકલ હુમલાની શરુઆત

### શરીરમાં દુખાવો, આંખો લાલ થઈ જવી, હાથ અને મોઢા પરની ચામડી છૂટી પડવી વગેરે જેવા ૩ લોકોમાં અજીબોગરીબ લક્ષણો જોવા મળ્યા

કીવ,તા.૨૯

રશિયા અને યુક્રેન વચ્ચે એક મહિનાથી વધારે સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. હજી સુધી આ યુદ્ધનું કોઈ નિરાકરણ નથી આવ્યું. આ દરમિયાન એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે જેમાં કહેવામાં આવી રહ્યું છે કે યુક્રેનમાં કેમિકલ હુમલાની શરુઆત થઈ ગઈ છે. નોંધનીય છે કે પ્રસિદ્ધ યૂરોપિયન ફૂટબોલ ક્લબ ચેલ્સી એફસીના માલિક રોમન અબ્રામોવિચ માર્ચ મહિનાની શરુઆતમાં યુક્રેનમાં શાંતિ વાર્તા માટે રાજધાની કીવ પહોંચ્યા હતા. અબ્રામોવિચ રશિયન નાગરિક છે. વોલ સ્ટ્રીટ જનરલના રિપોર્ટ અનુસાર, આ દરમિયાન તેમના પર અને યુક્રેનના અન્ય લોકો પર ઝેર છંટકાવ કરવામાં આવ્યો હતો.



અબ્રામોવિચ સહિત ૩ લોકોમાં અજીબોગરીબ લક્ષણો જોવા મળી રહ્યા છે જેમ કે શરીરમાં દુખાવો, આંખો લાલ થઈ જવી, હાથ અને મોઢા પરની ચામડી છૂટી પડવી વગેરે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ૩ માર્ચના રોજ રોમન અબ્રામોવિચ સહિત ૩ શાંતિ વાર્તાકારોને બેઠક પછી ઝેર આપવામાં આવ્યુ હતું. રોમન અબ્રામોવિચ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં પીસમેકર તરીકે કામ કરી રહ્યા હતા. બેઠકમાં તેમની સાથે અન્ય એક રશિયન વેપારી અને યૂક્રેનના સાંસદ ઉમેરોવ હાજર હતા. આ વાતચીત રાતના ૧૦ વાગ્યા સુધી ચાલી હતી, ત્યારપછી આ ત્રણ લોકોએ ઝેર આપ્યું હોવાના લક્ષણો અનુભવ્યા હતા. વોલ સ્ટ્રીટ જનરલે સૂત્રોના માધ્યમથી જણાવ્યું છે કે, બેઠકમાં હાજર ૩ લોકોએ મોસ્કોમાં હાજર કટ્ટરપંથીઓ પર કેમિકલ હુમલો કરવાનો આરોપ મૂક્યો છે. વાસ્તવમાં આ કટ્ટરપંથી નહોતા ઈચ્છતા કે યુદ્ધનો અંત આવે, તેઓ આ શાંતિવાર્તાને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવવા માંગતા હતા. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા જ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને રશિયાને ચેતવણી આપી હતી કે જો તે પરમાણુ હુમલો કરશે તો માઠા પરિણામ ભોગવવા પડશે. આ દરમિયાન એક મહત્વના સમાચાર એ છે કે કીવમાં ગોળી વાગવાને કારણે ઈજાગ્રસ્ત થયેલા ભારતીય વિદ્યાર્થી હરજોત સિંહને દિલ્હીની હોસ્પિટલમાંથી રજા મળી ગઈ છે, જો કે સંપૂર્ણપણે સ્વસ્થ થવામાં તેને એક વર્ષનો સમય લાગી શકે છે.

# ઈટાલીમાં બે દિવસમાં કોરોનાના ૯૦૦૦૦ કેસ

### વિશ્વમાં ઓમિક્રોનના બીએ.૨નો યુરોપમાં ભારે કહેર : ફ્રાન્સની હોસ્પિટલમાં દાખલ થનાર દર્દીની સંખ્યામાં ઝડપથી વધારો, ફ્રાન્સ, જર્મની અને બ્રિટનમાં કોવિડના કેસમાં વધારો થયો

રોમ, તા.૨૮

કોરોના વાયરસના સૌથી ઝડપથી ફેલાતા ઓમિક્રોન વેરિયન્ટનું પેટા સ્વરૂપ બીએ.૨ યુરોપમાં કહેર મચાવી રહ્યો છે. ઈટાલીમાં બે દિવસમાં ૯૦,૦૦૦ સંક્રમિત મળી આવ્યા છે. જ્યારે ફ્રાન્સની હોસ્પિટલમાં દાખલ થનાર દર્દીની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. ચીનના શાંઘાઈમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. એશિયાઈ દેશોમાં કોરોના કેસ સ્થિરતા દર્શાવે છે તેમજ હોંગકોંગમાં સ્થિતિ સુધરી રહી છે.

બીએ.૨એ આ મહિને યુરોપ અને ચીનના કેટલાક ભાગોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. ફ્રાન્સ, ઈટાલી, જર્મની અને બ્રિટનમાં કોવિડના કેસમાં વધારો થયો છે. ચીનનું શાંઘાઈ શહેર આ વેરિયન્ટ નવું હોટસ્પોટ બની ગયું છે. સોમવારે ૪૪૦૦ નવા કેસ સામે આવ્યા હતા. શહેરના અનેક વિસ્તારોમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે.

દેશોમાં કોરોનાની શું સ્થિતિ છે ? ફ્રાન્સ : છેલ્લા ૨૪ કલાકમાં ફ્રાન્સની હોસ્પિટલમાં દાખલ લોકોની સંખ્યા ૪૬૭ વધીને ૨૧,૦૭૩ થઈ ગઈ છે. ફેબ્રુઆરી બાદ આ એક જ દિવસમાં આ સૌથી વધુ સંખ્યા છે. હોંગકોંગ : સોમવારે ૭૬૮૫ કોરોનાના નવા સંક્રમિત મળી આવ્યા હતા. વિશ્વના આ નાણાકીય કેન્દ્રમાં હવે વસ્તુઓ સ્થિર થઈ રહી છે.

ચીન : શાંઘાઈમાં ૪૪૦૦ નવા કેસ મળી



આવ્યા છે. બે વર્ષ બાદ ચીનમાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. શાંઘાઈમાં લોકડાઉન સહિત અનેક કડક પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે. ઈટાલીમાં માત્ર બે દિવસમાં ૯૦થી વધુ નવા કેસ નોંધાયા છે. સોમવારે, ૩૦,૭૧૦ નવા સંક્રમિત મળી આવ્યા હતા. રવિવારે અહીં ૫૯,૫૫૫ કેસ મળી આવ્યા હતા. જ્યારે અન્ય દેશોમાં જ્યાં કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે ભારતમાં તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ જ કારણસર અમેરિકાએ ભારત પ્રવાસ અંગેના નિયંત્રણો હળવા કર્યા છે.

# રશિયા-યુક્રેન વચ્ચે મોદી મધ્યસ્થી કરશે

કીવ,તા.૨૯

રશિયા અને યુક્રેન વચ્ચે એક મહિનાથી ચાલી રહેલા યુદ્ધને ખતમ કરવા માટે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસે કહ્યું કે તેઓ યુદ્ધને સમાપ્ત કરવાની દિશામાં મધ્યસ્થતાના પ્રયત્નો મુદ્દે ભારત સહિત અનેક દેશોના સંપર્કમાં છે. અત્રે જણાવવાનું કે ભારત સતત વાતચીત દ્વારા સમસ્યાનું સમાધાન

### ભારતના સતત સંપર્કમાં છે UN ચીફ : ભારત અત્યાર સુધી ખુબ જ તટસ્થ પ્રતિક્રિયા આપતું આવ્યું છે, જેનું કારણ છે રશિયા સાથેના તેના જૂના સંબંધ

કાઢવાની વકીલાત કરતું રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસએ સોમવારે કહ્યું કે તેઓ રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાની દિશામાં મધ્યસ્થતાના પ્રયત્નો મુદ્દે ભારત, તુર્કી, ચીન અને ઈઝરાયેલ સહિત અન્ય દેશો સાથે સંપર્કમાં છે. પત્રકારો સાથે વાતચીતમાં ગુટેરસે કહ્યું કે હું એવા અનેક દેશોના સંપર્કમાં છું જે રાજકીય સમાધાન માટે મધ્યસ્થતાના વિભિન્ન ઉપાયોની ભાળ મેળવવા બંને પક્ષો સાથે વાતચીત કરી રહ્યા છે. યુએન ચીફે કહ્યું કે હું મારા તુર્કીના મિત્રો સાથે ખુબ નજીકથી સંપર્કમાં રહ્યો છું. આ જ પ્રકારે ભારત ઉપરાંત કતાર, ઈઝરાયેલ, ચીન અને ફ્રાન્સ તથા જર્મની સાથે પણ સંપર્કમાં છું. મને વિશ્વાસ છે કે આ યુદ્ધને સમાપ્ત કરવા માટે પરિસ્થિતિઓના નિર્માણ કરવા માટે આ તમામ પ્રયત્નો જરૂરી છે. એવું પૂછવામાં આવતા કે શું આ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય નૌ સેનામાં ઈન્ડિયન નેવલ એર સ્ક્વોડ્રન ૩૧૬ને સામેલ કરાઈ

### આ સ્ક્વોડ્રનને ખતરનાક અને પોતાના કામમાં માહિર માનવામાં આવે છે, નૌસેનામાં સામેલ થનારી આ બીજી એવી સ્ક્વોડ્રન છે

નવી દિલ્હી,તા.૨૯

ભારતીય નૌસેનાએ મંગળવારે ઈન્ડિયન નેવલ એર સ્ક્વોડ્રન ૩૧૬ (આઈએનએએસ



૩૧૬) તરીકે નવી તાકાત મળી ગઈ છે. આને આઈએનએસ ૩૧૬ તરીકે ઓળખવામાં આવે છે. મંગળવારે ગોવાના દબોલિમમાં હાજર આઈએનએસ હંસામાં આને તૈનાત કરાયુ છે. આ દરમિયાન ચીફ ઓફ નેવલ સ્ટાફ એડમિરલ આર હરિ કુમારની હાજરીમાં આને નૌસેનામાં સામેલ કરાઈ છે. આ સ્ક્વોડ્રનને ઘણુ ખતરનાક અને પોતાના કામમાં માહિર માનવામાં આવે છે. નૌસેનામાં સામેલ થનારી આ બીજી એવી સ્ક્વોડ્રન છે.

મંગળવારે આઈએનએસને નૌસેનામાં સામેલ કર્યા દરમિયાન કાર્યક્રમમાં નૌસેના પ્રમુખ આર હરિ કુમારે કહ્યુ આજની ગતિશીલ અને જટિલ સુરક્ષા સ્થિતિમાં આ સ્ક્વોડ્રનની ગતિ ક્ષમતા અમારા રાષ્ટ્રીય સમુદ્રી હિતની રક્ષા, સંરક્ષણ અને પ્રોત્સાહનને વધારનારી ક્ષમતાને મહત્વપૂર્ણ રીતે વધારશે.

ભારતીય નૌસેનામાં મંગળવારે સામેલ થયેલી આઈએનએએસ ૩૧૬ સ્ક્વોડ્રન મુખ્ય રીતે હવાઈ સ્તરે કામ કરે છે. આ શક્તિશાળી વિમાન દ્વારા દુશ્મનની જાસૂસી કરતા દરિયામાં હાજર મરીનને જાણ કરે છે. આ સાથે જ આના વિમાનોમાં ખાસ કરીને ઉપકરણ અને મિસાઈલ પણ લાગેલી હોય છે.

માહિતી અનુસાર આઈએનએએસ ૩૧૬ સ્ક્વોડ્રન

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીનાં નહેરૂ સંગ્રાહલયનું નામ બદલીને પીએમ મ્યુઝિયમ કરાશે

### એનડીએ સરકારે તમામ ૧૪ વડાપ્રધાનોના યોગદાનને સન્માન આપવા માટે આ નિર્ણય લીધો



નવી દિલ્હી, તા.૨૯

ભાજપના સંસદીય દળની બેઠકમાં આજે લેવાયેલા એક મહત્વના નિર્ણયના ભાગરૂપે સરકારે નહેરૂ સંગ્રહાલયનુ નામ બદલવાનો નિર્ણય કર્યો છે.

હવે તેને પીએમ મ્યુઝિયમ તરીકે ઓળખવામાં આવશે. જેમાં દેશના તમામ ૧૪ વડાપ્રધાનોની યાદગીરીઓને સાચવવામાં આવશે. ૧૪ એપ્રિલે એટલે કે ડો.આમ્બેડકર જયંતિના દિવસે પીએમ મોદી તેનુ ઉદઘાટન કરશે.

પીએમ મોદીએ સાંસદોને કહ્યુ હતુ કે, એનડીએ સરકારે તમામ ૧૪ વડાપ્રધાનોના યોગદાનને સન્માન આપવા માટે આ નિર્ણય લીધો છે. આપણે તમામ પીએમના યોગદાનને મહત્વ આપવુ જોઈએ. મ્યુઝિયમમાં આ તમામ વડાપ્રધાનના કાર્યકાળમાં થયેલી કામગીરીને દેખાડવામાં આવશે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના ૩૧ માર્ચે સમાપ્ત થઈ જશે

### સરકારે રાજ્યસભામાં માહિતી આપી : સરકારે રાજ્યો દ્વારા કરવામાં આવેલી આકલન માગોના આધાર પર પીએમએવાય-યુ અંતર્ગત ૧.૧૫ આવાસોને મંજૂરી આપવામાં આવી છે

નવી દિલ્હી, તા.૨૯

આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીનો ઉદ્દેશ્ય અને તેમાં સમાયેલ પીએમનું સ્વપ્ન આગામી ૧૮ મહિનામાં પૂર્ણ થશે. રાજ્યસભામાં સોમવારે સભ્યોના પૂરક પ્રશ્નોના ઉત્તર આપતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, સરકારે રાજ્યો દ્વારા કરવામાં આવેલી આકલન માગોના આધાર પર પીએમએવાય-યુ અંતર્ગત ૧.૧૫ ઘરોને મંજૂરી આપવામાં આવી છે જે માર્ચ ૨૦૨૨માં સમાપ્ત થઈ રહી છે. અને આગામી ૧૮ મહિનામાં વિવિધ યોજનાઓ પૂર્ણ થઈ જશે.

એક મહત્વના પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે જણાવ્યું કે, ૩૧ માર્ચ, ૨૦૨૨ પછી ક્રેડિટ લિંક્ડ સબસિડી યોજના ચાલુ રાખવાની સમીક્ષા પર વિચાર કરવામાં નથી આવી રહ્યો. તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી (પીએમએવાય-યુ)ની પરિકલ્પના જૂન ૨૦૧૫માં કરવામાં આવી હતી અને ઘરોની માગ એક કરોડના શરૂઆતી અનુમાન કરતા ઘણી આગળ નીકળી ગઈ છે. આ સંખ્યા હાલમાં ૧.૧૫ કરોડ છે અને ચાલુ નાણાકીય વર્ષના બાકીના ત્રણ દિવસમાં તે વધુ આગળ નીકળી જશે. પુરીએ કહ્યું કે, આ વડા પ્રધાનનું સપનું હતું કે, માર્ચ ૨૦૨૨ સુધીમાં દરેક ભારતીય પાસે પાકી છત, રસોડું અને શૌચાલય હોવું જોઈએ અને ઘરનું નામ આ ઘરની મહિલા પર હોવું જોઈએ.

તેમણે કહ્યું કે, આ હેઠળ બધા રાજ્યોને કેન્દ્રને જૂન ૨૦૧૫ સુધી ડિમાન્ડ એસેસમેન્ટઆપવા માટે કહેવામાં આવ્યું હતું જેના આધાર પર ૧ કરોડ ઘર બનાવવાના હતા. તેની સાથે જ પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીનો ઉદ્દેશ્ય પૂરો થઈ ગયો હોત.

હવે પ્રાઈવેટ સેક્ટરમાં એફોર્ડેબલ હાઉસિંગનું નિર્માણ થઈ રહ્યું છે. કેટલાક રાજ્યો અમને વધુ માગ મોકલી રહ્યા છે તેની સાથે જ પીએમનું પીએમએવાય-યુસાથે જોડાયેલું સપનું પુરુ થઈ જશે. કેન્દ્રીય પ્રધાન પુરીએ સંસદને જણાવ્યું હતુ કે, એક યોજનાને મંજૂરી આપવામાં આવી છે અને ૧૮ મહિનાના સમયગાળામાં તેન પૂર્ણ કરવામાં આવી છે.

# શાંઘાઈમાં કોરોનાનો ટેસ્ટ ફરજિયાત કરાવવા આદેશ

### શાંઘાઈમાં ૯ દિવસનું કડક લોકડાઉન : હાલ તમામ જરૂરી ઓફિસો સિવાય અન્ય તમામ ઓફિસો બંધ કરવાના ચીન સરકાર દ્વારા આદેશ

બિજિંગ,તા.૨૯

ચીનની આર્થિક રાજધાની શાંઘાઈમાં ઓમિક્રોન વેરિઅન્ટને કારણે કોવિડ-૧૯ના વધતા જતા કેસોને નિયંત્રિત કરવા માટે ફરીથી લોકડાઉન લાદવામાં આવ્યું છે. સરકારે ૯ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરી દિધી છે. આજે સરકારે ચીનના શાંઘાઈમાં દરેક વ્યક્તિએ કોરોના ટેસ્ટ કરાવવો ફરજિયાત કર્યો છે.

આ સાથે જ લોકોને તેમના ઘરોમાં રહેવા અને બિનજરૂરી બહાર ન નીકળવાનો આદેશ કરવામાં આવ્યો છે. હાલ તમામ જરૂરી ઓફિસો સિવાય અન્ય તમામ ઓફિસો બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

ચીનમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. શાંઘાઈમાં જાહેર પરિવહન સેવા બંધ કરી દેવામાં આવી છે તથા શહેરની ફેકટરીઓ અને ઉત્પાદન એકમોને તેમની કામગીરી અટકાવી દેવા અથવા ઘરેબેઠાં કામ કરવા કહેવામાં આવ્યું છે.

બેઈજિંગ, શાંઘાઈ સહિત ચીનના લગભગ ૧૨ પ્રાંતોમાં કોવિડ-૧૯ના નવા કેસમાં વધારો થયો છે. કોરોના વકરતા તંત્રે શાંઘાઈમાં શાળાઓ પણ બંધ કરી દીધી છે. તમને જણાવી દઈએ કે, ૨.૬ કરોડની વસ્તીવાળા શહેરમાં પહેલેથી જ ઘણી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# પટનામાં જેડીયુ નેતાની હત્યા

પટના,તા.૨૯

બિહારની રાજધાની પટનામાં સત્તાધારી દળ જદયૂ નેતા અને દાનાપુર નગર પરિષદનાં ઉપાધ્યક્ષ દીપક કુમાર મેહતાની અપરાધીઓ દ્વારા ગોળી મારી હત્યા કરી દેવામાં આવી છે. મળતી માહિતી અનુસાર તે, દાનાપુરથી વિધાનસભાથી ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યાં હતાં. આ દરમિયાન તેમને ધમકી મળી રહી હતી કહેવામાં આવે છે કે, અપરાધીઓએ તેમને પાંચ ગોળી મારી તેમની હત્યા કરી નાંખી છે. આ મામલે મૃતકનાં પરિજનોએ એક સ્થાનિક અપરાધીનું નામ લીધુ છે. જોકે, હજુ આ મામલે લેખિતમાં કોઈ ફરિયાદ દાખલ થઈ નથી. મળતી માહિતી અનુસાર, દીપકે થોડા દિવસ પહેલાં જ હોળી મિલન સમારંભ રાખ્યો હતો જેમાં જદયૂ નેતા ઉપેન્દ્ર કુશવાહ અને ભાજપનાં મોટા નેતા પણ શામેલ થયા હતાં.

Live Craft Demonstration Programme



10 st Artisans

Date & Time
24-03-2022 to 02-04-2022
10.00 am to 7.00 pm every day
venue : Youth Hostel, G-Road,
Nr. Govt. Arts College, Sector-16,
Gandhinagar, Gujarat-382016
Sponsored by
Office of Development Commissioner
(Handicrafts)
Ministry of Textiles, Government of India.

indian handicrafts भारतीय हस्तशिल्प continuing tradition
Website : www.handicrafts.nic.in

Organised by : Parishram Mahila Seva Sangh-Ahmedabad, Guj.

શ્રદ્ધાદીપ હાર્ટ ક્લિનિક
(હૃદયની સારવાર હવે વધુ સરળ અને વ્યાજબી દરે)
Dr. Bonny Gajjar
MD, DM
(Interventional Cardiology)
દરરોજ
9-00 AM to 12-00 PM
2-00 PM to 8-00 PM
● ૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા ●
Emergancy (24x7)
હૃદયને લગતી તમામ સારવાર ઉપલબ્ધ
પહેલાથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
ચાર્જ અને વધુ માહિતી માટે
Contact : 8980009499, 9409583530
સ્થળ
VTC, A-603, છઠ્ઠો માળ, કુડાસણ, ગાંધીનગર